અ.ક્ર.૦૫/૨૦૨૧-૨૨, નાયબ હિસાબનીશ.

આ પ્રશ્નપત્રમાં કુલ 24 છાપેલા પાના છે.

# DyAC-21-22

કુલ ગુણ : 150

સમય : 1 કલાક 30 મિનિટ

ઉમેદવારનો બેઠક ક્રમાંક :

પ્રશ્નપુસ્તિકા કોડ : **C**

DyAC-21-22

B 9506167

SEAL SEAL SEAL SEAL

ઉમેદવારની સહી : ____________ ખંડ નિરીક્ષકની સહી : ____________

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

**ઉમેદવારોને સૂચના :**

(1) આ કસોટીપત્રમાં કુલ 150 પ્રશ્નો છે. 1 થી 150 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય, પાના નંબર તથા પ્રશ્ન ક્રમાંક સીરીયલમાં ન હોય તો તરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે અને ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે વિકલ્પ E આપેલ છે. પ્રશ્નની સાથે જ પાંચેય વિકલ્પ આપવામાં આવેલા છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી

(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે

(E) Not Attempted

જવાબવહી (Answer Sheet)માં

A ○ B ● C ○ D ○ E ○

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B"નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહીં.

(2) **પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે.** મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે, જે મુજબ -

(i) પ્રત્યેક ખોટા જવાબ દીઠ (-0.33) (માઈનસ ઝીરો પોઈન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(ii) પ્રત્યેક ખાલી છોડેલ જવાબદીઠ (-0.33) (માઈનસ ઝીરો પોઈન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(iii) એક કરતાં વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકછાક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબદીઠ (-0.33) (માઈનસ ઝીરો પોઈન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(iv) **દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" ("Not Attempted") રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહીં.**

આમ ઉમેદવારે સાચા જવાબ દ્વારા મેળવેલ કુલ ગુણમાંથી ઉપર દર્શાવેલ (i), (ii), (iii) મુજબ માઈનસ થતા કુલ ગુણ બાદ કરવાથી મળતા ગુણ, ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ માન્ય ઠરશે.

(3) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(4) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET)માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર OMR SHEETના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાના OMR SHEET (ઉત્તરપત્રો) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે તથા **ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) પર નિયત જગ્યાએ પોતાના ડાબા હાથના અંગૂઠાનું નિશાન કરવાનું રહેશે તેમજ OMR SHEET ઉપર આપેલ સૂચનાઓ વંચાણે લઈ તેનો ફરજિયાત અમલ કરવાનો રહેશે.**

(7) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની વિગતો લખવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, કેમેરા, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**મેળવેલ ગુણનું ગાણિતીય સૂત્ર નીચે પ્રમાણે રહેશે :**

(સાચા જવાબની સંખ્યા x 1) − {(ખોટા જવાબની સંખ્યા x 0.33) + (ખાલી છોડેલ પ્રશ્નની સંખ્યા x 0.33) + (છેકછાક કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબની સંખ્યા x 0.33)} = ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

PariksaPath . pariksapath.in

1. એક ચલ પરથી બીજા ચલનું આગણન કરવા માટે શેનો ઉપયોગ થાય છે ?

(A) બહુલક
(B) નિયતસંબંધ
(C) મધ્યક
(D) મધ્યસ્થ
(E) Not Attempted

2. નીચે આપેલી સંખ્યા શ્રેણીમાં બંધ બેસતી ન હોય તેવી સંખ્યા કઈ છે તે જણાવો ?

105, 85, 60, 30, 0, –45, –90

(A) 0
(B) –45
(C) 105
(D) 60
(E) Not Attempted

3. કાચા સરવૈયા પર અસર કરતી ભુલોમાં નીચે દર્શાવેલ પૈકી કઇ ભુલોનો સમાવેશ થતો નથી ?

1. સિધ્ધાંતની ભુલ
2. ખતવણી અંગેની ભુલ
3. ખોટા ખાતે લખવાની ભુલ
4. પેટા નોંધના સરવાળાની ભુલ
5. ભરપાઈ ચુક
6. ખાતાની બાકી અંગેની ભુલ

(A) 1, 3, 6
(B) 2, 4, 5
(C) 1, 3, 5
(D) 2, 4, 6
(E) Not Attempted

4. ખેત પેદાશ આધારિત ઉત્પાદનોને પ્રમાણિત કરવા માટે વપરાતું ચિહ્ન

(A) AGMARK
(B) HALLMARK
(C) ISI
(D) ISO
(E) Not Attempted

5. જો ત્રિકોણના શિરોબિંદુ (0, 0), (4, 0) અને (0, 5) હોય તો ત્રિકોણનું ક્ષેત્રફળ કેટલું થશે ?

(A) 12
(B) 6
(C) 8
(D) 10
(E) Not Attempted

6. માનવ સંબંધોને આધારે કુદરતી રીતે રચાયેલું માનવ સંબંધોનું જાળું કયા નામે ઓળખાય છે ?

(A) વૈધિક વ્યવસ્થાતંત્ર
(B) શ્રેણીક વ્યવસ્થાતંત્ર
(C) અવૈધિક વ્યવસ્થાતંત્ર
(D) રૈખિક વ્યવસ્થાતંત્ર
(E) Not Attempted

7. નીચે આપેલ અક્ષરોના જૂથને (Reverse) ઉલ્ટાવીને લખવામાં આવે તો તેમાંથી કેટલા અર્થપૂર્ણ શબ્દ બનશે ?

NAIL, PAIL, RAIL, MADAM

(A) ત્રણ
(B) ચાર
(C) એક
(D) બે
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

8. પુર્ણ હરીફાઈમાં પેઢી માટે વસ્તુની માંગ .........

(A) સંપુર્ણ મુલ્ય સાપેક્ષ હોય છે.
(B) સંપુર્ણ મુલ્ય અનપેક્ષ હોય છે.
(C) મુલ્ય સાપેક્ષ હોય છે.
(D) મુલ્ય અનપેક્ષ હોય છે.
(E) Not Attempted

9. ચકલો, ઘાણ, વીરડો – કયા પ્રકારના શબ્દો છે ?

(A) તદ્ભવ
(B) શિષ્ટ
(C) તત્સમ
(D) તળપદા
(E) Not Attempted

10. વધુ પડતા જાહેરાત ખર્ચને કારણે શું થાય છે ?

(A) પેદાશ બધે જ પ્રાપ્ય થાય છે.
(B) પેદાશ વધુ ગુણવત્તાવાળી બને છે.
(C) પેદાશની કિંમતમાં વધારો થાય છે.
(D) પેદાશ વધુ આકર્ષક બને છે.
(E) Not Attempted

11. માલસામાન રૂા. 3000, મજુરી રૂા. 6000, કુલ વેચાણ રૂા. 21600, કારખાના ખર્ચ, કારખાના પડતરના 40% અને વહીવટી ખર્ચ, ઉત્પાદન પડતરના 20% લેખે ગણવાના છે. તો નફો કેટલો થાય ?

(A) રૂા. 15000
(B) રૂા. 3750
(C) રૂા. 2850
(D) રૂા. 18750
(E) Not Attempted

12. Tally Erp 9 માં કયા વિકલ્પ દ્વારા ખરીદી અથવા વેચાણ રજીસ્ટર જોઈ શકાય છે ?

(A) Statutory books
(B) Inventroy book
(C) Accounts Book
(D) Disply
(E) Not Attempted

13. બેંક વ્યવસાય, વિમો, શેરબજાર અને વાયદા બજાર વિગેરેનો સમાવેશ બંધારણની સાતમી અનુસુચી મુજબ કઈ યાદીમાં કરવામાં આવે છે ?

(A) સમવર્તી યાદી
(B) રાજ્ય યાદી અને સંઘયાદી બંને
(C) રાજ્ય યાદી
(D) સંઘયાદી
(E) Not Attempted

14. બે ચલ $x$ અને $y$ વચ્ચેનો સહસબંધાંક 0.6 અને સહવિચરણ 4.8 છે. જો ચલ $x$ નું વિતરણ 9 હોય તો ચલ $y$ નું પ્રમાણીત વિચલન .......... છે.

(A) 3/(4.8*0.6)
(B) 4.8/(9*0.6)
(C) 4.8/(3*0.6)
(D) 0.6/(4.8*3)
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

15. કઈ બે અવકાશીય સંશોધન સંસ્થા દ્વારા સંયુક્તપણે "NISAR" અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો ?

(A) NASA - ISRO
(B) ISRO - CNSA
(C) NASA - CNSA
(D) ISRO - ROSCOMOS
(E) Not Attempted

16. ભારતની ISO સર્ટીફીકેટ વાળી પ્રથમ બેંક કઈ છે ?

(A) સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા
(B) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એકપણ નહીં
(C) પંજાબ નેશનલ બેંક
(D) કેનેરા બેંક
(E) Not Attempted

17. 'છપ્પનિયા દુકાળ'નું વિષયવસ્તુ લઈને લખાયેલી નવલકથા કઈ છે ?

(A) દીપનિર્વાણ
(B) લીલુડી ધરતી
(C) માનવીની ભવાઈ
(D) ઝેર તો પીધાં છે જાણી જાણી
(E) Not Attempted

18. અલંકાર ઓળખાવો : પરમનો છેલ્લેથી પહેલો નંબર આવ્યો.

(A) ઉપમા
(B) રૂપક
(C) વ્યતિરેક
(D) વ્યાજસ્તુતિ
(E) Not Attempted

19. _______ you worked hard, you _______ secured the top position.

(A) Had, could have
(B) Have, could
(C) If, got
(D) Unless, will get
(E) Not Attempted

20. તાલુકા પંચાયતની ચકાસણી બાદ ગ્રામ પંચાયતે અંદાજ પત્ર મોડામાં મોડી કઈ તારીખ સુધીમાં મંજુર કરવું જોઈશે ?

(A) 31મી માર્ચ
(B) 15મી ફેબ્રુઆરી
(C) 28મી ફેબ્રુઆરી
(D) 15મી માર્ચ
(E) Not Attempted

21. મુડી બજેટ પ્રકીયાના હેતુ તરીકે નીચેના પૈકી કયું વિધાન સુસંગત નથી ?

(A) મંદીના સમયમાં ઓછામાં ઓછી વેચાણ કિંમત નક્કી કરવા માટે મુડી બજેટનો ઉપયોગ થાય છે.
(B) જ્યારે નવી પેદાશ બજારમાં મુકવાની હોય ત્યારે તે માટે મુડી બજેટ તૈયાર કરવું જરૂરી છે.
(C) મુડી બજેટ એ ધંધાના વિકાસ માટે હાથ ધરવામાં આવે છે.
(D) જ્યારે મજુરીને બદલે યંત્રથી કામ હાથ ધરવાનો પ્રશ્ન હોય ત્યારે મુડી બજેટ હાથ ધરવામાં આવે છે.
(E) Not Attempted

22. ટોકિયો 2020 ઓલિમ્પિક કે જે 2021 માં રમાયેલ રમતોત્સવમાં સ્કેટબોર્ડીંગ ઈવેન્ટમાં કયા દેશની ખેલાડી ચેમ્પિયન બની છે ?

(A) અમેરિકા
(B) જાપાન
(C) રશિયા
(D) ચીન
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

23. This is _______ author about whom I _______ to you a while ago.

(A) the, am talking
(B) an, could talked
(C) an, will talk
(D) the, was talking
(E) Not Attempted

24. નીચે દર્શાવેલ પૈકી ઘસારા પાત્ર મિલ્કતો કઈ છે ?

1. મકાન 2. ફર્નીચર અને ફીકસચર 3. પટ્ટે રાખેલ મિલ્કતો 4. કોપીરાઈટ્સ 5. જમીન 6.ગેસના કુવા

(A) 1, 2, 3, 4, 6
(B) 1, 2, 3, 4, 5, 6
(C) 1, 2, 3, 4, 5
(D) 2, 3, 4, 5, 6
(E) Not Attempted

25. સંધિ જોડો : શીત + ઉષ્ણ

(A) શિતૌષ્ણ
(B) શીતોષ્ણ
(C) શીતોષ્ન
(D) શીતુષ્ણ
(E) Not Attempted

26. વિદેશી વિમા કંપનીઓ ભારતીય વીમા કંપનીમાં સીધેસીધુ, અને વધુમાં વધુ કેટલું રોકાણ કરી શકે છે ?

(A) 74%
(B) 100%
(C) 25%
(D) 49%
(E) Not Attempted

27. કંપની દ્વારા મેળવાયેલ પબ્લીક ડીપોઝીટ પાકા સરવૈયામાં .......... તરીકે દર્શાવવામાં આવે છે.

(A) ચાલુ મિલ્કતો
(B) રોકાણ
(C) તારણવાળી લોન
(D) તારણ વગરની લોન
(E) Not Attempted

28. નીચેના પૈકી કયો શબ્દ 'આકાશ'નો સમાનાર્થી નથી ?

(A) ગયણ
(B) ગય
(C) નભ
(D) ગગન
(E) Not Attempted

29. NEFT અને RTGS જેવી સુવિધાઓ CORE બેંકીંગને કારણે ઉપલબ્ધ થયેલ છે. CORE એટલે .........

(A) Centralized Online Realtransfer Exchange
(B) Centralized Online Realtime Electronic
(C) Centralized Online Realtime Exchange
(D) Centralized Organized Realtime Exchange
(E) Not Attempted

30. She _______ the task before I _______ her.

(A) had finished, met
(B) are finishing, met
(C) will finish, meeting
(D) has finished, meeting
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

31. 'રોજ પ્રગટ થતું સમાચાર પત્ર' માટે એક શબ્દ આપો.

(A) માસિક
(B) ત્રૈમાસિક
(C) દૈનિક
(D) પખવાડિક
(E) Not Attempted

32. જો પ્રમાણિત વિતરણનો મધ્યક 50 હોય તો તેનો બહુલક કેટલો ?

(A) 60
(B) 100
(C) 30
(D) 50
(E) Not Attempted

33. _______ of the _______ friends failed in the test.

(A) Either, or
(B) Neither, two
(C) Either, nor
(D) Neither, nor
(E) Not Attempted

34. 'આમાં પણ તમને કશું રોમાંચક ન લાગ્યું.' – વાક્યમાં નિપાત ઓળખાવો.

(A) ન
(B) તમને
(C) આમાં
(D) પણ
(E) Not Attempted

35. ગુજરાતનો સૌથી મોટો મહેલ કયો છે ?

(A) લાખોટા પેલેસ
(B) કુસુમ વિલાસ પેલેસ
(C) લક્ષ્મી વિલાસ પેલેસ
(D) વિજય વિલાસ પેલેસ
(E) Not Attempted

36. એક વર્ગના 30 છોકરાઓને મળેલા ગુણનો મધ્યક 60 છે તે વર્ગના બધા 50 વિદ્યાર્થીઓના ગુણનો મધ્યક 70 છે. તો છોકરીઓના ગુણનો મધ્યક શોધો.

(A) 80
(B) 85
(C) 60
(D) 75
(E) Not Attempted

37. ભારત માટે ક્રિકેટ અને ચેસ બંને રમતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રતિનિધિત્વ કર્યુ હોય તેવો ખેલાડી કોણ છે ?

(A) ગૌતમ ગંભીર
(B) સુરેશ રૈના
(C) યજુવેન્દ્ર ચહલ
(D) મુરલી કાર્તિક
(E) Not Attempted

38. વિદેશી ચલણની માંગ કરતાં પુરવઠો ઘટે તો દેશના નાણાંના પુરવઠામાં શું થાય ?

(A) સ્થિર રહે
(B) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એકપણ નહીં
(C) ઘટાડો
(D) વધારો
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

39. નાણાં વિધેયકોની વ્યાખ્યા બંધારણની કઈ કલમમાં કરવામાં આવી છે ?

(A) કલમ 111
(B) કલમ 110
(C) કલમ 108
(D) કલમ 114
(E) Not Attempted

40. જો રસોઈયાને બટલર કહેવામાં આવે, બટલરને મેનેજર, મેનેજરને શિક્ષક, શિક્ષક ને કારકૂન અને કારકૂનને આચાર્ય કહેવામાં આવે તો વર્ગમાં ભણાવશે કોણ ?

(A) મેનેજર
(B) શિક્ષક
(C) રસોઈયો
(D) કારકૂન
(E) Not Attempted

41. Men _______ to abolish wars till now but _______ they will find a way in the future.

(A) have never managed, maybe
(B) will have never manage, if
(C) have never manage, can
(D) has never managed, may
(E) Not Attempted

42. ચલિત ખર્ચમાં વધારો શામાં પરિણમે છે ?

(A) નવો નફો વધારશે.
(B) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એકપણ નહીં
(C) પી/વી રેશિયો વધે છે.
(D) ફાળાનો ગાળો ઘટાડે છે.
(E) Not Attempted

43. VoLTE નું ફુલ ફોર્મ શું છે ?

(A) Volume over Long Term Event
(B) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એકપણ નહીં
(C) Voice over Light Transmission Event
(D) Voice over Long Term Evolution
(E) Not Attempted

44. નીચે દર્શાવેલ જોડીઓને યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| a. મનોમુકુર | 1. સુરેશ જોષી |
| b. વિરાટ ટપકું | 2. આનંદશંકર ધ્રુવ |
| c. ઈદમ્ સર્વમ્ | 3. નરસિંહરાવ દિવેટીયા |
| d. આપણો ધર્મ | 4. સરોજ પાઠક |

(A) a - 4, b - 2, c - 3, d - 1
(B) a - 1, b - 3, c - 4, d - 2
(C) a - 2, b - 1, c - 3, d - 4
(D) a - 3, b - 4, c - 1, d - 2
(E) Not Attempted

45. છંદ ઓળખાવો : છાયા તો વડના જેવી, ભાવ તો નદના સમ,
દેવોના ધામના જેવું, હૈડું જાણે હિમાલય.

(A) ઉપજાતિ
(B) શાલિની
(C) વંશસ્થ
(D) અનુષ્ટુપ
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

46. ધ્યેયલક્ષી સંચાલનના સિધ્ધાંતના પ્રણેતા કોણ હતા ?

(A) હેનરી ફેયોલ
(B) મેક્સ વેબર
(C) પીટર એફ ડ્રુકર
(D) ફ્રેડરીક ટેલર
(E) Not Attempted

47. ગુજરાતમાં ઓખાના વાઘેરોએ કોની આગેવાની હેઠળ 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લીધો હતો ?

(A) મુખી ગરબડદાસ
(B) મગનભાઈ પટેલ
(C) તાત્યા ટોપે
(D) જોધા માણેક
(E) Not Attempted

48. પર્યાયવાચી શબ્દ લખો : રાસભ

(A) ઝીલણ
(B) ચિન્માત્ર
(C) લંબકર્ણ
(D) મુહતાજ
(E) Not Attempted

49. 73મા બંધારણીય સુધારાથી પંચાયતો માટે સંવિધાનની કઈ કલમ અને પંચાયતના કાર્યો સંબંધમાં કઈ અનુસુચી ઉમેરવામાં આવી ?

(A) 240 થી 243 (ઓ) અને અનુસુચી 11
(B) 243 થી 253 (ઓ) અને અનુસુચી 16
(C) 243 થી 243 (ઓ) અને અનુસુચી 11
(D) 243 થી 246 અને અનુસુચી 12
(E) Not Attempted

50. હિસાબી વળતર દરની પધ્ધતી એટલે શું ?

(A) કોઈપણ રકમ ભવિષ્યમાં આપણને મળવાની હોય તો તેનું વર્તમાન મુલ્ય.
(B) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એકપણ નહીં
(C) રોકાણ કેટલા સમયમાં પરત મળશે.
(D) સરેરાશ આવકને સરેરાશ રોકાણથી ભાગવામાં આવે તે.
(E) Not Attempted

51. I _______ at 5 am everyday, when _______?

(A) getting up, did you
(B) gets up, have I
(C) gets up, did I
(D) get up, do you do
(E) Not Attempted

52. PERT અને CPM ના પુરા નામ જણાવો.

(A) Programme Effectiveness and Review Technique અને Critical Path Mechanism
(B) Programme Evaluation and Research Technique અને Critical Part Method
(C) Programme Evaluation and Review Technique અને Critical Path Method
(D) Planning Evaluation and Report Technique અને Crucial Path Method
(E) Not Attempted



PariksaPath : pariksapath.in

53. 'આશ્રમનો ઉલ્લુ' ઉપનામથી 'કાગડાની નજરે' નામક હાસ્યકટાક્ષનું પુસ્તક કોણે લખ્યું છે ?

(A) ધીરુભાઈ પરીખે
(B) જોરાવરસિંહ જાદવે
(C) કિશોરલાલ મશરૂવાળાએ
(D) ઝવેરચંદ મેઘાણીએ
(E) Not Attempted

54. રૂા. 25000નું ચાર વર્ષના અંતે વાર્ષિક ધોરણે 10% ના દરે ચક્રવૃધ્ધી મુલ્ય કેટલું થાય ?

(A) રૂા. 36603
(B) રૂા. 36938
(C) રૂા. 35000
(D) રૂા. 36306
(E) Not Attempted

55. દર વર્ષે પંચાયતી રાજ દિવસ કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 21 એપ્રીલ
(B) 24 માર્ચ
(C) 24 એપ્રીલ
(D) 24 નવેમ્બર
(E) Not Attempted

56. જિલ્લા પંચાયતની મિટિંગ સામાન્ય રીતે કેટલા સમયે યોજવામાં આવે છે ?

(A) દર ત્રણ માસે
(B) દર છ માસે
(C) દર માસે
(D) દર બે માસે
(E) Not Attempted

57. જાપાનના 'હાઈકુ' કાવ્યપ્રકારને સૌ પ્રથમવાર ગુજરાતીમાં લાવવાનો યશ કયા સાહિત્યકારને નામે છે ?

(A) કલાપી
(B) કાન્ત
(C) સ્નેહરશ્મિ
(D) સુંદરમ્
(E) Not Attempted

58. "GeM" નું પુરુ નામ જણાવો.

(A) General e-Marketing
(B) Government e-Marketing
(C) Gujarat e-MarketPlace
(D) Government e-Marketplace
(E) Not Attempted

59. નીચેના પૈકી શેનો સમાવેશ માનવ સંસાધન સંચાલનમાં થતો નથી ?

(A) બઢતી અને બદલી
(B) ભરતી અને પસંદગી
(C) સમારકામ અને જાળવણી
(D) તાલીમ અને વિકાસ
(E) Not Attempted

60. નીચેનામાંથી કયો ચલ એ સતત ચલનું ઉદાહરણ છે ?

(A) દિવસ દરમ્યાનનું મહતમ તાપમાન
(B) કુટુંબમાં બાળકોની સંખ્યા
(C) કોઈ એક સ્થળે બનતા અકસ્માતની સંખ્યા
(D) વર્ષ દરમ્યાન વરસાદ પડ્યો હોય તેવા દિવસોની સંખ્યા
(E) Not Attempted


PariksaPath . pariksapath.in

61. કોમર્શિયલ પેપર એ નવા પ્રકારનું નાણાંકીય સાધન છે, જે નીચેના કયા હેતુથી બહાર પડાય છે ?

(A) પ્લાન્ટ અને યંત્રોના લીઝીંગ માટે

(B) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એકપણ નહીં

(C) કાર્યશીલ મુડી માટે

(D) યોજનાઓ માટે નાણાં પુરા પાડવા

(E) Not Attempted

62. Artificial intelligence એ કઈ જનરેશન સાથે જોડાયેલ છે ?

(A) 6ઠ્ઠી

(B) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એકપણ નહીં

(C) 4થી

(D) 5મી

(E) Not Attempted

63. બ્લીચીંગ પાઉડરનું રાસાયણિક નામ શું છે ?

(A) કેલ્શિયમ હાઈપોક્લોરાઈટ

(B) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એકપણ નહીં

(C) કેલ્શિયમ હાઈડ્રોક્સાઈડ

(D) કેલ્શિયમ ઓકઝેલેટ

(E) Not Attempted

64. સચિન શહેર 'A' થી 'B' તરફ મુસાફરી 6.50 a.m. એ શરૂ કરે છે. બે શહેર વચ્ચેનું અંતર 340 કી.મી. છે. મુસાફરીનો પ્રથમ તબક્કો 100 કી.મી. પ્રતિ કલાકની ઝડપે બે કલાક અને 12 મીનીટમાં પુરો કરે છે. રસ્તા પર ચાપાણી માટે 30 મીનીટ લાગે છે. બાકીનું અંતર 80 કી.મી પ્રતિ કલાકની ઝડપે પુરૂ કરે છે. તો સચિન શહેર 'B' ક્યારે પહોંચશે ?

(A) 11:22 a.m.

(B) 10:32 a.m.

(C) 11:02 a.m.

(D) 10:52 a.m.

(E) Not Attempted

65. જો સ્ટોક ઉથલો 5 વખત હોય અને શરૂઆતનો સ્ટોક આખરના સ્ટોક કરતાં રૂા. 10000 ઓછો હોય, તથા સરેરાશ સ્ટોક રૂા. 40000 હોય તો ખરીદી શોધો.

(A) રૂા. 240000

(B) રૂા. 210000

(C) રૂા. 200000

(D) રૂા. 50000

(E) Not Attempted

66. એક કર્મચારી દ્વારા કરવામાં આવેલ કાર્ય સ્ટાફના અન્ય કર્મચારી દ્વારા તપાસાય તે પધ્ધતિ ........... કહેવાય છે.

(A) કાયદેસરનું ઓડીટ

(B) બાહ્ય અંકુશ

(C) આંતરીક ઓડીટ

(D) આંતરિક અંકુશ

(E) Not Attempted

67. આકસ્મીક ફંડમાંથી થયેલ ખર્ચનું ઓડીટ કોણ કરે છે ?

(A) એકઝામીનર લોકલ ફંડ

(B) રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા

(C) કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલ

(D) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

68. પ્રૌઢ સાક્ષરતા દર એટલે ............

(A) 50 વર્ષ કે તેથી વધુ વયની વ્યક્તિઓમાં શિક્ષણનું પ્રમાણ

(B) 60 વર્ષ કે તેથી વધુ વયની વ્યક્તિઓમાં શિક્ષણનું પ્રમાણ

(C) 15 વર્ષ કે તેથી વધુ વયની વ્યક્તિઓમાં શિક્ષણનું પ્રમાણ

(D) 30 વર્ષ કે તેથી વધુ વયની વ્યક્તિઓમાં શિક્ષણનું પ્રમાણ

(E) Not Attempted

69. આંતરરાષ્ટ્રીય વેપારની શરતો એટલે શું ?

(A) આયાત અને નિકાસ વસ્તુનો રેશીયો
(B) વિનિમય દર
(C) આયાત અને નિકાસનો જથ્થો
(D) આયાત – નિકાસ
(E) Not Attempted

70. ઓડીટની નિચેની બાબતોને ક્રમમાં ગોઠવો.

1. ઓડીટ આયોજન 2. ઓડીટ રીપોર્ટ 3. ઓડીટ પારા 4. ઓડીટ રીપોર્ટ રીવ્યુ 5. વાઉચિંગ

(A) 1, 4, 2, 3, 5
(B) 1, 5, 3, 4, 2
(C) 1, 2, 3, 4, 5
(D) 1, 5, 3, 2, 4
(E) Not Attempted

71. 'મોનોપ્સોની' એ કયા પ્રકારના બજાર દર્શાવે છે ?

(A) એક ખરીદનાર અને ઘણા વેચનાર
(B) આવો કોઈ બજારનો પ્રકાર નથી
(C) એક વેચનાર અને ઘણા ખરીદનાર
(D) એક વેચનાર અને એક ખરીદનાર
(E) Not Attempted

72. આ પ્રકારના વ્યવહારમાં મધ્યસ્થ બેંક "batch" પ્રમાણે વ્યવહાર કરે છે ?

(A) CORE
(B) CALL MONEY
(C) NEFT
(D) RTGS
(E) Not Attempted

73. The _______ of the great emperor Chandra Gupta to the _______ ushered a golden era in the Indian history.

(A) accession, throne
(B) axis, thorny
(C) resurrection, thrown
(D) renunciation, thorn
(E) Not Attempted

74. નેતાજી સુભાષ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્પોર્ટ્સની સ્થાપના કઈ સાલમાં થઈ હતી ?

(A) 1964
(B) 1970
(C) 1957
(D) 1961
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

75. Shila _______ her belongings, _______ you ?

(A) having packed, will

(B) has packing, can

(C) has packed, do

(D) has packed, have

(E) Not Attempted

76. કોઈપણ એપ્લીકેશનમાંથી બહાર નિકળવાની શોર્ટ કટ કી કઈ છે ?

(A) Altr + F5

(B) Altr + F6

(C) Altr + F3

(D) Altr + F4

(E) Not Attempted

77. નીચે આપેલ પૈકી કયું વેબ બ્રાઉઝર નથી ?

(A) ઈનટરનેટ એક્સપ્લોરર

(B) વિન્ડોઝ 11

(C) મોઝીલા

(D) ફાયરફોક્સ

(E) Not Attempted

78. મેડીકલમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને એક વખત વિદ્યાર્થી દીઠ સાધન ખરીદી માટે શું સહાય આપવામાં આવે છે ?

(A) રૂા. 25,000/-

(B) રૂા. 8,000/-

(C) રૂા. 15,000/-

(D) રૂા. 10,000/-

(E) Not Attempted

79. સરપંચ-ઉપસરપંચ અને સભ્યો પોતાની ફરજો બજાવવામાં ગેરવર્તણુક માટે અથવા પોતાની સત્તાનો દુર ઉપયોગ કરે તો ગુજરાત પંચાયત અધિનિયમની કઈ કલમમાં પગલાં લેવાની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) કલમ - 57

(B) કલમ - 88

(C) કલમ - 21

(D) કલમ - 51

(E) Not Attempted

80. સંચાલકીય ઓડીટ કે કાર્યક્ષમતા ઓડીટના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન સાચુ નથી ?

(A) ધંધાનો હેતુ યોગ્ય રીતે પુર્ણ થઈ રહેલો છે તેની ખાત્રી થાય છે.

(B) દરેક જવાબદારી લક્ષી કેન્દ્રોની કામગીરીની ચકાસણી થાય છે.

(C) ઓડીટર એ તપાસે છે કે, હિસાબના ચોપડામાં નોંધાયેલા વ્યવહારો યોગ્ય છે કે કેમ ?

(D) શેર હોલ્ડરને એ ખાત્રી થાય છે કે, તેઓના રોકાણો નો યોગ્ય રીતે ઉપયોગ થઈ રહ્યો છે

(E) Not Attempted

81. નીચેનાંમાંથી કયા શબ્દની જોડણી યોગ્ય નથી ?

(A) રશિયા

(B) ઊર્મિ

(C) ચીઠ્ઠી

(D) વરિયાળી

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

82. ફ્રી સ્ટાઈલ, બેક સ્ટ્રોક, બટરફ્લાય સ્ટ્રોક એ કઈ રમતના પ્રચલિત શબ્દો છે ?

(A) સ્વીમીંગ

(B) ફેન્સીંગ

(C) જિમ્નાસ્ટીક્સ

(D) સાયકલીંગ

(E) Not Attempted

83. 'આ પુસ્તક મારે વાંચવા જોઈએ છે.' — અહીં કયું કૃદંત છે ?

(A) સામાન્યકૃદંત

(B) હેત્વર્થકૃદંત

(C) વર્તમાનકૃદંત

(D) સંબંધક ભૂતકૃદંત

(E) Not Attempted

84. ત્રણ સિક્કા એક સાથે ઉછાળવામાં આવેતો બે છાપ અને એક કાંટો મળવાની સંભાવના શોધો.

(A) 2/8

(B) 3/8

(C) 2/3

(D) 8/3

(E) Not Attempted

85. A position held without any remuneration is called an _______ position.

(A) honorarium

(B) honorary

(C) honourable

(D) honest

(E) Not Attempted

86. ભારતમાં કઈ પંચવર્ષીય યોજના દરમિયાન 14 બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું ?

(A) રોલિંગ પ્લાન

(B) ત્રીજી પંચવર્ષીય યોજના

(C) ચોથી પંચવર્ષીય યોજના

(D) પાંચમી પંચવર્ષીય યોજના

(E) Not Attempted

87. વિદ્યુત ઊર્જાના વ્યવહારિક એકમ 1 યુનિટ = ..........

(A) 100 kWh

(B) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એકપણ નહીં

(C) 1kWh

(D) 1000 kWh

(E) Not Attempted

88. શેત્રુંજી બંધ યોજના નીચે પૈકી કયા જીલ્લામાં આવેલી છે ?

(A) સુરેન્દ્રનગર

(B) રાજકોટ

(C) ભાવનગર

(D) અમરેલી

(E) Not Attempted

89. જાહેર દેવાના ઉદ્દેશો સંદર્ભે નીચેના પૈકી શેનો સમાવેશ થતો નથી ?

(A) અગાઉનું દેવુ ભરપાઈ કરવા

(B) આર્થિક વિકાસની યોજના માટે ફંડ ઉભુ કરવા

(C) મંદીમાંથી અર્થતંત્રને બહાર કાઢવા

(D) ફુગાવાને નિયંત્રીત કરવા

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

90. પંચાયત અધિનિયમની કલમ 94(1) મુજબ દર વર્ષે ગ્રામ સભાની પ્રથમ બેઠકમાં નીચે આપેલ પૈકી શું મુકવું જરૂરી છે ?

1. હિસાબનું વાર્ષિક પત્રક

2. પાછલા હિસાબી વર્ષના વહીવટ વિષે રીપોર્ટ

3. ચાલુ હિસાબી વર્ષ માટે યોજેલ વિકાસ અને કાર્યોનો બીજો કાર્યક્રમ

4. ઓડીટની છેલ્લી નોંધ અને તે સંબંધી આપેલ જવાબો.

(A) 2 અને 3
(B) ફક્ત 4
(C) 1, 2, 3, 4
(D) 1 અને 4
(E) Not Attempted

91. ગ્રાહકની નિશ્ચિત જરુરિયાત મુજબ ઉત્પાદનની પડતરને ............... કહેવાય.

(A) જોબ કોસ્ટીંગ
(B) સેવા પડતર
(C) પ્રકીયા પડતર
(D) કરાર પડતર
(E) Not Attempted

92. મહારાણા પ્રતાપનું જન્મસ્થળ ક્યાં આવેલું છે ?

(A) શિરોહિ
(B) શિવગંજ
(C) પાલી
(D) કુંભલગઢ
(E) Not Attempted

93. કયા વર્ષથી ગાંધી જયંતિને આંતરરાષ્ટ્રીય 'અહિંસા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?

(A) 2010
(B) 2007
(C) 2005
(D) 2009
(E) Not Attempted

94. નીચે આપેલ પૈકી કયો કાચુ સરવૈયુ તૈયાર કરવાનો હેતુ નથી ?

(A) પેઢીને થયેલ નફો કે નુકશાન જાણવા માટે
(B) ભુલો શોધવા અને સુધારવા માટે
(C) વાર્ષિક હિસાબ તૈયાર કરવામાં સરળતા માટે
(D) લખેલા હિસાબો ગાણિતીક રીતે સાચા છે તે જાણવા માટે
(E) Not Attempted

95. પીરોટન ટાપુ સામુદ્રિક રાષ્ટ્રીય ઉદ્યાન ગુજરાતના કયા જીલ્લામાં આવેલું છે ?

(A) સુરેન્દ્રનગર
(B) અમદાવાદ
(C) રાજકોટ
(D) જામનગર
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

96. એક ફર્નીચરનો વેપારી બે ખુરશી 'એ' અને 'બી' ખરીદે છે. બંનેની સંયુક્ત ખરીદ કિંમત રૂા. 1300 છે. ખુરશી 'એ' 20% નફાથી અને ખુરશી 'બી' 25% ખોટથી વેંચે છે. આમ કરતાં બંને ખુરશીઓની વેચાણ કિંમત સરખી ઉપજે છે. તો 'બી' ખુરશીની ખરીદ કિંમત કેટલી ?

(A) રૂા. 800
(B) રૂા. 850
(C) રૂા. 600
(D) રૂા. 750
(E) Not Attempted

97. This portrait _______ by an artist who _______ in the sixteenth century.

(A) will painted, lives
(B) was painted, lived
(C) painted, drew
(D) was painted, leaves
(E) Not Attempted

98. ટોક્યો ઓલેમ્પિક 2020 માટે ગુજરાતમાંથી પસંદગી પામેલ, માના પટેલ .......... રમત સાથે સંકળાયેલ છે.

(A) બેડમીંટન
(B) ટેનીશ
(C) તરણ
(D) ટેબલ ટેનીશ
(E) Not Attempted

99. She wanted _______ her work today but she _______.

(A) finish, can't
(B) to finishing, isn't
(C) finishing, done
(D) to finish, couldn't
(E) Not Attempted

100. ઉત્તર ભારત અને દક્ષિણ ભારત વચ્ચે એક લીટી દોરવાનું કામ નર્મદા કરે છે. – આ વાક્યમાં સંયોજકનો પ્રકાર જણાવો.

(A) કારણવાચક
(B) શરતવાચક
(C) સમુચ્ચયવાચક
(D) વિકલ્પવાચક
(E) Not Attempted

101. 4, 6, 7, 8, 10 અને 13નો મધ્યક શોધો.

(A) 7
(B) 6
(C) 8
(D) 9
(E) Not Attempted

102. નીચેનામાંથી કઈ એક નદી અંતઃસ્થ (કુંવારીકા) નદી નથી ?

(A) સરસ્વતી
(B) મહી
(C) બનાસ
(D) રૂપેણ
(E) Not Attempted

103. ભારતમાં નાગરીકોને સમયસર નાણા ઉપલબ્ધ થાય તે માટે તમામ ATM ને જોડવાનું કાર્ય કોણ કરે છે ?

(A) નાણાં મંત્રાલય, ભારત સરકાર
(B) SBI (State Bank of India)
(C) RBI (Reserve Bank of India)
(D) NPCI (National Payment Corporation of India)
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

104. While _______, she _______ down.

(A) dancing, fell
(B) dances, falls
(C) she danced, fall
(D) is dancing, fallen
(E) Not Attempted

105. ધારોકે કિંમત રૂા. 1 થી ઘટીને રૂા. 0.90 થાય છે અને માંગ 100 એકમથી વધીને 120 એકમ થાય છે તો માંગની મુલ્ય સાપેક્ષતા શોધો.

(A) 3.5
(B) 5
(C) 2
(D) 2.2
(E) Not Attempted

106. સૌરાષ્ટ્ર પ્રદેશમાં પ્રવાહિત નીચે પૈકી કઈ એક નદી સૌથી વધુ લંબાઈ ધરાવે છે ?

(A) શેત્રુંજી
(B) ઓઝત
(C) મચ્છુ
(D) ભાદર
(E) Not Attempted

107. "મિશન મંગલમ્" સ્વસહાય જૂથનું ટૂંકુ નામ શું છે ?

(A) SSC
(B) SOG
(C) SSG
(D) SHG
(E) Not Attempted

108. Which option best expresses the meaning of the word 'fade'?

(A) weather
(B) wither
(C) lad
(D) wheather
(E) Not Attempted

109. પાકા સરવૈયાની મિલ્કત લેણા બાજુ પર નીચેના પૈકી .......... દર્શાવવામાં આવશે નહિ.

(A) અગાઉથી ચુકવેલ ખર્ચાઓ
(B) દેવી હુંડી
(C) આખર સ્ટોક
(D) લેણી હુંડી
(E) Not Attempted

110. 'જ્યેષ્ઠ' શબ્દ માટે યોગ્ય વિરુદ્ધાર્થી શબ્દ કયો છે ?

(A) કનિષ્ઠ
(B) શ્રેષ્ઠ
(C) નિકૃષ્ઠ
(D) નિમ્ન
(E) Not Attempted

111. They reached home, _______?

(A) don't they
(B) didn't they
(C) have they
(D) did they
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

112. યાદી 1 ને યાદી 2 સાથે જોડો.

| યાદી 1 | યાદી 2 |
| --- | --- |
| 1. ગોઈપારીયા કમિટિ | (a) બેંકિંગ સુધારા અંગે |
| 2. નરસિંહમ કમિટિ | (b) બેંકમાં ગ્રાહક સેવા સુધારવા |
| 3. ભંડારી કમિટિ | (c) નાણાંકીય પધ્ધતિની સમીક્ષા |
| 4. ચક્રવર્તી કમિટિ | (d) ગ્રામીણ બેંકોની પુનઃ રચના |
| 5. એમ.એસ.ખાન કમિટિ | (e) નાણાકીયા સંસ્થાઓ અને બેંકોની ભૂમિકાનો સમન્વય |

(A) 1 - b, 2 - a, 3 - d, 4 - c, 5 - e
(B) 1 - a, 2 - b, 3 - c, 4 - d, 5 - e
(C) 1 - a, 2 - c, 3 - b, 4 - d, 5 - e
(D) 1 - b, 2 - c, 3 - a, 4 - d, 5 - e
(E) Not Attempted

113. રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશની અંદર ખરીદ-વેચાણ અંગે નિચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) CGST + IGST
(B) IGST – SGST / UTGST
(C) CGST + SGST / UTGST
(D) IGST + SGST / UTGST
(E) Not Attempted

114. જો પાણીની ટાંકી પાઈપ 'A' થી 3 કલાકમાં ભરી શકાય અને એજ ટાંકી પાઈપ 'B' થી 5 કલાકમાં ભરી શકાય, તો બંને પાઈપથી 1 કલાકમાં ટાંકીનો કેટલો ભાગ ભરી શકાય ?

(A) 1/15
(B) 2/15
(C) 2/3
(D) 8/15
(E) Not Attempted

115. A slave _______ under the necessity of _______ his master's orders.

(A) lied, obey
(B) laid, obeys
(C) leaves, obeyed
(D) lies, obeying
(E) Not Attempted

116. ગુમાવેલા સ્વજનોની યાદમાં ગુજરાતમાં સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ગુણભાખરી ગામ ખાતે યોજાતા અનુસૂચિત જનજાતિના મેળાનું નામ શું છે ?

(A) ચિત્ર-વિચિત્ર
(B) સર્વત્ર
(C) ચિત્ર
(D) વિચિત્ર
(E) Not Attempted

117. _______ in Pune, I _______ the Sinhgadh frequently.

(A) While, visited
(B) Since, visit
(C) If, visiting
(D) Though, visiting
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

118. નીચેના વિધાનો પૈકી કયું વિધાન કામદારોને ચુકવેલ મજુરીના વાઉચિંગ સાથે સંબંધિત નથી ?

(A) જ્યારે છુટક કામદારોને પગાર ચૂકવવામાં આવે ત્યારે તે યોગ્ય સત્તાવાળાએ મંજુરી આપી છે તે જોવુ જોઈએ.

(B) જો કામદારોને સમયવેતન પ્રમાણે મજુરી ચુકવવામાં આવતી હોય તેના હાજરીપત્રકોની ચકાસણી કરવી જોઈએ.

(C) ઓડીટરે પ્રથમ તો મજુરીની ચુકવણી અંગે આંતરિક અંકુશની પધ્ધતિનો અભ્યાસ કરવો જોઈએ.

(D) મજુરોના પગારધોરણો અને અન્ય ઔદ્યોગિક એકમોનાં પગારધોરણો સાથે સરખાવવાં જોઈએ.

(E) Not Attempted

119. શબ્દકોશ મુજબ સાચો ક્રમ કયો છે ?

(A) વ્યાકરણ, વિશ્વ, વ્રીહિ, વૃત્તિ

(B) વિશ્વ, વૃત્તિ, વ્યાકરણ, વ્રીહિ

(C) વૃત્તિ, વ્યાકરણ, વિશ્વ, વ્રીહિ

(D) વિશ્વ, વ્રીહિ, વ્યાકરણ, વૃત્તિ

(E) Not Attempted

120. વેચાણ અંગેના વિચલનો નિચેના પૈકી કઈ રીતે ગણવામાં આવે છે ?

(A) મુલ્ય પધ્ધતી અને નફા પધ્ધતિ બંને

(B) મુલ્ય પધ્ધતી અને નફા પધ્ધતિ પૈકી એકપણ નહીં

(C) મુલ્ય પધ્ધતી

(D) નફા પધ્ધતિ

(E) Not Attempted

121. વર્ષ 2021માં પૂણે સ્થિત આર્મી સ્પોર્ટ્સ ઈન્સ્ટીટ્યુટ સ્ટેડિયમને કયા નવા નામથી નવાજ્યું ?

(A) રવિકુમાર દહીયા સ્ટેડીયમ

(B) પી.વી. સીંધુ સ્ટેડીયમ

(C) મીરાબાઈ ચાનુ સ્ટેડીયમ

(D) નિરજ ચોપરા સ્ટેડીયમ

(E) Not Attempted

122. In his autobiography, he _______ his _______ of animal diet.

(A) reference, abhorrent

(B) referred, abhor

(C) refer, love

(D) refers to, abhorrence

(E) Not Attempted

123. એક સતત માહિતી માટેના વર્ગો 0-99, 100-199, 200-299, 300-399, 400-499 છે. તો બીજા વર્ગની મધ્ય કિંમત કેટલી થાય ?

(A) 199.5

(B) 99.5

(C) 149.5

(D) 150

(E) Not Attempted

124. વ્યાજ-સહિત ખરીદી માટે મુડી કિંમત એટલે –

(A) વેચાણ કિંમત + સમાયેલ વ્યાજ

(B) ખરીદ તારીખે બજાર કિંમત

(C) જેટલા નાણાં દલાલને ખરીદ કિંમત પેટે ચુકવ્યા હોય તે

(D) ખરીદ કિંમત – સમાયેલ વ્યાજ + દલાલી

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

125. _______ historical play you enjoyed yesterday _______ by Babasaheb Purandare.

(A) A, directs
(B) The, will direct
(C) A, directed
(D) The, was directed
(E) Not Attempted

126. બેન્કિંગ પ્રણાલીમા ગ્રાહકોની સુવિધાઓ માટે નાણાની તબદિલી ઈલેક્ટ્રોનિક સ્વરૂપે કરવા NEFT અને RTGS જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. આ બંને સુવિધાઓ CORE બેન્કિંગના લીધે શક્ય બની છે. જેમાં 'CORE' એટલે ...

(A) Centrally Online Reduce time Exchange
(B) Centralized Online Real time Exchange
(C) Centralized Online Reduce time Exchange
(D) Centrally Occupy Real time Exchange
(E) Not Attempted

127. એબીસી લીમીટેડના ચોપડામાં તા. 01/04/2021ના રોજ યંત્ર ખાતાની શરૂ બાકી રૂા. 1050000 હતી. આ યંત્ર ચાર વર્ષ પહેલા ખરીદવામાં આવેલ હતું. સીધી લીટીના દરે 10% લેખે ઘસારાની ગણતરી કરવામાં આવે છે. તો વાર્ષિક ઘસારાનો દર શોધો.

(A) 75000
(B) 17500
(C) 175000
(D) 275000
(E) Not Attempted

128. કોઈપણ દેશની માથાદીઠ આવક એટલે ........

(A) દેશની કુલ આવકને વસ્તી વડે ભાગતા જે આવે તે.
(B) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એકપણ નહીં
(C) દેશના દરેક નાગરીકને માથાદીઠ આવક જેટલી રકમ મળે છે.
(D) દેશના ગરીબી રેખાથી ઉપર જીવતા લોકોની માથાદીઠ આવક.
(E) Not Attempted

129. એક જ ગુના માટે કોઈપણ વ્યક્તિ ઉપર એકથી વધુ વાર કામ ચલાવીને તેને શિક્ષા કરી શકાશે નહિ તેવી જોગવાઈ બંધારણના કયા આર્ટીકલમાં છે ?

(A) 18
(B) 16
(C) 14
(D) 20
(E) Not Attempted

130. 3a = 5b = 7c a:b:c = ?

(A) 35:21:15
(B) 30:28:35
(C) 3:5:7
(D) 15:25:35
(E) Not Attempted

131. જીવન નિર્વાહ ખર્ચ સૂચક આંકની રચનામાં કયા ભાવ ધ્યાનમાં લેવાય છે ?

(A) સરેરાશ ભાવ
(B) છુટક ભાવ
(C) બજાર ભાવ
(D) જથ્થાબંધ ભાવ
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

132. ઓસ્ટ્રેલીયા સ્થિત "ગ્રેટ બેરીયર રીફ" કયા સજીવ દ્વારા નિર્માણ પામેલ છે ?

(A) લીલ
(B) સમુદ્રતારા
(C) શંખ
(D) પરવાળા
(E) Not Attempted

133. સંસદની કઈ નાણાં સમિતિમાં રાજ્ય સભાના સભ્ય સામેલ કરવામાં આવતા નથી ?

(A) જાહેર સાહસોની સમિતિ
(B) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એકપણ નહીં
(C) જાહેર હિસાબ સમિતિ
(D) અંદાજ સમિતિ
(E) Not Attempted

134. I _______ him since we _______ a year ago.

(A) has not seen, meet
(B) have not saw, met
(C) seen, are meeting
(D) have not seen, met
(E) Not Attempted

135. તત્સમ શબ્દો એટલે ...

(A) અન્ય ભારતીય ભાષામાંથી આવ્યા હોય.
(B) વિદેશી ભાષાના શબ્દો હોય.
(C) અમુક શબ્દો સંસ્કૃતમાં જે રૂપમાં હોય તે જ મૂળ રૂપમાં ગુજરાતીમાં પ્રયોજાતા હોય.
(D) સંસ્કૃત શબ્દો થોડા ફેરફાર સાથે ગુજરાતીમાં આવ્યા હોય.
(E) Not Attempted

136. એક સમતોલ પાસાને બે વખત ફેંકવામાં આવે છે તો તેમના નંબરનો સરવાળો 8 કે 10 ના હોય તેની સંભાવના .........

(A) 1-[(1/12)+(5/36)]
(B) (7/9)(7/9)
(C) (3+5)/36
(D) 1-[(3/36)-(5/36)]
(E) Not Attempted

137. વિનિયોગ વિધેયકની જોગવાઈ બંધારણની કઈ કલમમાં છે ?

(A) કલમ 127
(B) કલમ 266
(C) કલમ 114
(D) કલમ 101
(E) Not Attempted

138. બેંક રેટ એટલે ..........

(A) જ્યારે બેંકને નાણાંની જરુર પડે છે ત્યારે રીઝર્વ બેંક પાસેથી લાંબાગાળાનું ધિરાણ જે વ્યાજ દરે મેળવે છે તે
(B) જ્યારે રીઝર્વ બેંકને નાણાંની જરૂર પડે ત્યારે બેંક પાસેથી લાંબાગાળાનું ધિરાણ જે વ્યાજ દરે મેળવે છે તે
(C) જ્યારે બેંક વેપારીને લાંબાગાળા માટે નાણાંનું ધિરાણ કરે ત્યારે જે વ્યાજનો દર હોય તે
(D) જ્યારે બેંક પાસે રહેલ વધારાનો નાણાંનો જથ્થો તે રીઝર્વ બેંકને આપે છે જેના પરનો વ્યાજ દર
(E) Not Attempted


PariksaPath . pariksapath.in

139. Which option is opposite in meaning to the word 'luxury'?

(A) Austerity
(B) Joy
(C) Wealthy
(D) Awsome
(E) Not Attempted

140. અંગ્રેજી મૂળાક્ષરો અને સંખ્યાની નીચે આપેલ શ્રેણીમાં ખાલી જગ્યાએ કઈ સંખ્યા અને મૂળાક્ષરો આવશે ?

Q1F, S2E, U6D, W21C, ___?___

(A) Y88B
(B) Z88B
(C) Y44B
(D) Y66B
(E) Not Attempted

141. નીચે પૈકી કઈ એક ખડક સંરચનામાંથી દેશનો 95 ટકા કોલસો મળી આવે છે ?

(A) ધારવાડ
(B) ગોંડવાના
(C) વિંધ્ય
(D) કડપ્પા
(E) Not Attempted

142. તાલુકા પંચાયતની કારોબારી સમિતિની મુદત કેટલી રહેશે ?

(A) 2 વર્ષ
(B) પંચાયતની મુદત જેટલી
(C) 2.5 વર્ષ
(D) 3 વર્ષ
(E) Not Attempted

143. એક ભાગીદારી પેઢીમાં નાણાંકીય વર્ષ 2020-21 ના અંતે દેવાદારો રૂા. 50000 છે, અને ઘાલખાધ અનામત ખાતું રૂા. 5000 છે. તો દેવાદારો પાસેથી મળવાપાત્ર રકમનું અંદાજી મુલ્ય કેટલું થાય ?

(A) રૂા. 45000
(B) વિગતો અધુરી હોય નક્કી કરી શકાય નહીં
(C) રૂા. 55000
(D) રૂા. 50000
(E) Not Attempted

144. નાણાં ખરડાને રજુ કરતાં પહેલાં કોની પુર્વ મંજુરી લેવી આવશ્યક છે ?

(A) લોકસભાના અધ્યક્ષ
(B) રાષ્ટ્રપતિ
(C) નાણામંત્રી
(D) અંદાજ સમિતિ
(E) Not Attempted

145. "UDP" નું પુરુ નામ જણાવો.

(A) User Destination Pairing
(B) Uninterrupted Delivery Protocol
(C) User Datagram Protocol
(D) User Data Processing
(E) Not Attempted

146. એક સંખ્યાનો 12% લેખે બે વર્ષનો સાદા વ્યાજ અને ચક્રવૃધ્ધિ વ્યાજનો તફાવત રૂા. 216 છે. તો તે સંખ્યા શોધો.

(A) રૂા. 15200
(B) રૂા. 15500
(C) રૂા. 14600
(D) રૂા. 15000
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

147. પ્લાન્ટ અને યંત્રોની ચકાસણી અને મુલ્યાંકન સંબંધે નીચેના પૈકી કઈ બાબત સુસંગત નથી ?

(A) ઓડીટરે મુળ ભરતિયા, ઠરાવો, વહેંચનાર સાથેના કરાર વગેરેની તપાસ કરવાથી પ્લાન્ટ અને યંત્રની માલિકીના પુરાવા મળે છે.

(B) ઓડીટરે પ્લાન્ટ અને યંત્રોના ખાતાની બાકી ખાતાવહીમાંના અન્ય સંબંધિત ખાતાઓ સાથે મેળવી તેની ચકાસણી કરવી જોઈએ.

(C) ઓડીટરે જોવુ જોઈએ કે પ્લાન્ટ અને યંત્રો બોજાથી મુક્ત છે.

(D) પ્લાન્ટ અને યંત્રો પાકા સરવૈયામાં હાલની બજાર કિંમતે બતાવેલા હોવા જોઈએ.

(E) Not Attempted

148. ઘણું દૂધ ઢોળાઈ ગયું. – રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.

(A) સંખ્યાવાચક વિશેષણ (B) દર્શક વિશેષણ

(C) ગુણવાચક વિશેષણ (D) માપવાચક વિશેષણ

(E) Not Attempted

149. ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી કઈ પદ્ધતિથી થાય છે ?

(A) હાથ ઉંચો કરીને (B) મોંઢાથી બોલીને

(C) ગુપ્ત મતદાન (D) ખુલ્લુ મતદાન

(E) Not Attempted

150. નીચેનામાંથી કઈ કહેવત જુદો અર્થ દર્શાવે છે ?

(A) વિના સહકાર નહીં ઉદ્ધાર (B) પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં

(C) ઝાઝા હાથ રળિયામણા (D) ઝાઝી કીડીઓ સાપને તાણે

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા



PariksaPath . pariksapath.in

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

QUE. BOOKLET NO.
9506167
SEAL SEAL SEAL

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.



PariksaPath . pariksapath.in

## GUJARAT PANCHAYAT SERVICES SELECTION BOARD

### FINAL ANSWER KEY

**Advt. No. : 5/2021-22 - Deputy Hisabnish (DyAC-2021-22)**
**Exam Date : 08/05/2022**

**QUESTION PAPER SERIES - C**

| Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | B | 26 | A | 51 | D | 76 | D | 101 | C | 126 | B |
| 2 | A | 27 | D | 52 | C | 77 | B | 102 | B | 127 | ★ |
| 3 | C | 28 | ★ | 53 | C | 78 | D | 103 | D | 128 | A |
| 4 | A | 29 | C | 54 | A | 79 | A | 104 | A | 129 | D |
| 5 | D | 30 | A | 55 | C | 80 | C | 105 | C | 130 | A |
| 6 | C | 31 | C | 56 | A | 81 | C | 106 | D | 131 | B |
| 7 | D | 32 | D | 57 | C | 82 | A | 107 | D | 132 | D |
| 8 | A | 33 | B | 58 | D | 83 | A,B | 108 | B | 133 | D |
| 9 | D | 34 | D | 59 | C | 84 | B | 109 | B | 134 | D |
| 10 | C | 35 | C | 60 | A | 85 | B | 110 | A | 135 | C |
| 11 | C | 36 | B | 61 | C | 86 | C | 111 | B | 136 | A |
| 12 | C | 37 | C | 62 | D | 87 | C | 112 | A | 137 | C |
| 13 | D | 38 | C | 63 | A | 88 | C | 113 | C | 138 | A |
| 14 | ★ | 39 | B | 64 | C | 89 | A | 114 | D | 139 | A |
| 15 | A | 40 | D | 65 | B | 90 | C | 115 | D | 140 | A |
| 16 | D | 41 | A | 66 | D | 91 | A | 116 | A | 141 | B |
| 17 | C | 42 | D | 67 | C | 92 | D | 117 | A | 142 | C |
| 18 | D | 43 | D | 68 | C | 93 | B | 118 | D | 143 | A |
| 19 | A | 44 | D | 69 | ★ | 94 | A | 119 | B | 144 | B |
| 20 | A | 45 | D | 70 | D | 95 | D | 120 | A | 145 | C |
| 21 | A | 46 | C | 71 | A | 96 | A | 121 | D | 146 | D |
| 22 | B | 47 | D | 72 | C | 97 | B | 122 | D | 147 | D |
| 23 | D | 48 | C | 73 | A | 98 | C | 123 | C | 148 | D |
| 24 | A | 49 | C | 74 | D | 99 | D | 124 | D | 149 | C |
| 25 | B | 50 | D | 75 | D | 100 | C | 125 | D | 150 | B |

★ = 1 Mark given to all candidates

PariksaPath . pariksapath.in